RNI No.: GUJGUJ/2014/59295

E mail -
prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 136 *Date: 07.03.2025,Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## મુંબઈમાં મરાઠી જરૂરી નથી, ગુજરાતી પણ ચાલશે: RSS નેતાના નિવેદન બાદ વિપક્ષ ભડક્યું, ફડણવીસે કરી સ્પષ્ટતા



તમિલનાડુ બાદ હવે મહારાષ્ટ્રમાં પણ ભાષા વિવાદ શરુ થઈ ગયો છે. વાસ્તવમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ(ઇજીજી)ના નેતા સુરેશ ભૈયાજી જોશીએ ગુજરાતી ભાષાનો ઉલ્લેખ કરી નિવેદન આપતાં રાજકારણ ગરમાયું છે. તેમણે મરાઠી અંગે વાત કરતાં કહ્યું કે, 'મુંબઈની એક ભાષા નથી, તેથી મુંબઈ આવવામાં અને ત્યાં રહેવા માટે મરાઠી શીખવાની જરૂર નથી.' આરએસએસ નેતાના આ નિવેદન બાદ શિવસેના અને દ્ગઊૅ ભડકી ગયા છે.ભૈયાજી જોશીએ કહ્યું કે, 'મુંબઈમાં એક નહીં, અનેક ભાષાઓ છે. મુંબઈના તમામ ભાગોની પોતાની જુદી જુદી ભાષા છે. ઘાટકોપર વિસ્તારની ભાષા ગુજરાતી છે, તેથી જો તમે મુંબઈમાં રહો છો અથવા અહીં આવવા ઈચ્છો છો, તો તમારે મરાઠી ભાષા શીખવી પડે, તે જરૂરી નથી.'આરએસએસના નેતાએ ગુજરાતી ભાષા અંગે કરેલા નિવેદનનો શિવસેના યુબીટીના ધારાસભ્ય આદિત્ય ઠાકરેએ વિરોધ કર્યો છે. ઠાકરેએ કહ્યું કે, 'મુંબઈ હોય કે મહારાષ્ટ્ર... અમારી જમીનની પ્રથમ ભાષા મરાઠી છે. તમિલનાડુ અથવા અન્ય રાજ્યોમાં તમિલની જેમ મરાઠી પણ અમારું ગૌરવ છે. ભૈયાજી જોષીએ ગુજરાતી ભાષાને ઘાટકોપરની ભાષા કહી છે, જો કે તે સ્વીકાર્ય નથી. મરાઠી અમારી મુંબઈની ભાષા છે.'

RSS નેતા નિવેદન પર દ્ગઊૅના ધારાસભ્ય જીતેન્દ્ર આવ્હાડે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, 'કેમ છો, કેમ છો, એવું લાગે છે કે, હવે મુંબઈમાં માત્ર આ જ સાંભળવા મળશે. ભૈયાજી જોષી ભાષાનો મુદ્દો ઉછાળી મુંબઈને તોડવાનો પ્રયાસ કરી રહ્યા છે.'મુંબઈમાં ગુજરાતી ભાષાનો વિવાદ ઉછળ્યા બાદ હવે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ વચ્ચે પડવાની નોબત આવી છે. ફડણવીસે વિધાનસભામાં ક્હયું કે, 'મુંબઈ, મહારાષ્ટ્ર અને રાજ્ય સરકારની ભાષા મરાઠી છે. અહીં રહેનારાઓએ મરાઠી શીખવી જોઈએ. મરાઠી ભાષા રાજ્યની સંસ્કૃતિ અને ઓળખ છે. મરાઠી ભાષા શીખવી તમામ નાગરિકોનું કર્તવ્ય હોવું જોઈએ.'

મુંબઈમાં મરાઠી અને ગુજરાતી ભાષાનો વિવાદ ઉછળ્યા બાદ છેવટે ભૈયાજી જોશીએ સ્પષ્ટતા કરવી પડી છે. તેમણે કહ્યું કે, 'મેં ઘાટકોપરના એક કાર્યક્રમમાં આપેલા નિવેદનને ખોટી રીતે ઉછાળવામાં આવી રહ્યું છે. મહારાષ્ટ્રની ભાષા મરાઠી છે. મુંબઈ મહારાષ્ટ્રનો ભાગ છે, તેથી મુંબઈની ભાષા મરાઠી છે, તેમાં કોઈ બેમતની વાત નથી. સ્વાભિવકરૂપે મુંબઈમાં પણ ઉદ્યોગો અને શિક્ષણના કારણે અનેક લોકો બહારથી મહારાષ્ટ્રમાં આવતા હોય છે, તેથી અમારા બધાની ઈચ્છા હોય છે કે, તેઓ મહારાષ્ટ્રમાં આવ્યા બાદ, મુંબઈમાં આવ્યા બાદ મરાઠી શીખે, સમજે, બોલે અને અભ્યાસ કરે. બહારથી આવતા લોકોમાં પણ મરાઠી ભાષા પ્રત્યે લગાવ વધે, તે અમારી પ્રાર્થના છે.

## અમેરિકામાં વધુ એક ભારતીયની ગોળી મારી હત્યા: તેલંગાણાના વિદ્યાર્થી પર હુમલાખોરે ફાયરિંગ કર્યું,

અમેરિકાના વિસ્કોન્સિનમાં તેલંગાણાના વિદ્યાર્થી પ્રવીણ કુમાર (૨૭)ની બુધવારે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. મ્.ીષ્ઠરનો અભ્યાસ કર્યા બાદ પ્રવિણ ૨૦૨૩માં અમેરિકા ગયો હતો. ભણવાની સાથે-સાથે પ્રવીણ સ્ટોરમાં જોબ પણ કરતો હતો.પ્રવીણના કેટલાક મિત્રોએ જણાવ્યું કે ગોળીઓ વરસાવેલો તેનો મૃતદેહ મળી આવ્યો હતો. જો કે, તેના મૃત્યુ બાબતે સ્પષ્ટતા થઈ નથી. લૂંટના પ્રયાસ દરમિયાન તેની હત્યા કરવામાં આવી હોવાની આશંકા છે.પ્રવીણ મિલવૌકી, વિસ્કોન્સિનમાં એમએસનો અભ્યાસ કરી રહ્યો હતો. બુધવારે સવારે (ભારતીય સમય મુજબ) યુએસ અધિકારીઓએ તેમના પરિવારને તેમના મૃત્યુ વિશે જાણ કરી હતી.

અહેવાલો અનુસાર, ફાયરિંગ પ્રવીણના ઘર પાસે થયું હતું, જ્યાં અજાણ્યા હુમલાખોરોએ તેમના પર ફાયરિંગ કર્યુ હતું. પ્રવીણના પિતા રાઘવલુએ જણાવ્યું કે સવારે તેમના પુત્રનો વોટ્સએપ પર એક મિસ્ડ કોલ આવ્યો હતો. જ્યારે તેમણે પાછો ફોન કર્યો, ત્યારે એક અજાણી વ્યક્તિએ ફોન ઉપાડ્યો અને કહ્યું કે તેને પ્રવીણનો ફોન મળ્યો છે, ત્યારબાદ પરિવારમાં ચિંતા વધી હતી.



શિકાગોમાં ભારતીય કોન્સ્યુલેટે પ્રવીણના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. દૂતાવાસે ઠ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું, અમને યુએસ યુનિવર્સિટી ઓફ વિસ્કોન્સિન-મિલવૌકીના અનુસ્નાતક વિદ્યાર્થી પ્રવીણ કુમાર ગામ્પાના નિધનથી દુઃખ થયું છે. એમ્બેસી પ્રવીણના પરિવાર અને યુનિવર્સિટીના સંપર્કમાં છે અને તેમને શક્ય તમામ મદદ કરી રહી છે. યુએસ પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે. અમેરિકન અધિકારીઓએ પરિવારને કહ્યું છે કે પોસ્ટમોર્ટમ બાદ જ મૃત્યુનું કારણ સ્પષ્ટ થશે. હુમલાખોરોની હજુ સુધી ઓળખ થઈ શકી નથી.

હૈદરાબાદથી મ્.ીષ્ઠર કર્યા બાદ પ્રવીણ ૨૦૨૩માં સ્જીનો અભ્યાસ કરવા અમેરિકા ગયો હતો. તે ડિસેમ્બર ૨૦૨૪માં ભારત આવ્યો હતો અને જાન્યુઆરી ૨૦૨૫માં પાછો અમેરિકા ગયો હતો. પ્રવીણનો પરિવાર હૈદરાબાદના રંગા રેડ્ડી જિલ્લાનો રહેવાસી છે.

## મોદીને ગઢમાં પડકારવા ગાંધી સજ્જ:અમદાવાદની હયાત હોટલમાં રોકાશે

લગભગ ૮ મહિના પહેલાં સંસદ સત્રના છઠ્ઠા દિવસે લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીએ પીએમ નરેન્દ્ર મોદી અને અમિત શાહની સામે જોઇને કહ્યું કે અમે તમને ગુજરાતમાં હરાવીશું, લખી લો. ઈન્ડિયા ગઠબંધન એનડીએને ગુજરાતમાં હરાવવા જઈ રહ્યું છે.રાહુલના આ નિવેદન બાદ રાજકારણમાં ગરમાવો આવી ગયો. ગુજરાત કોંગ્રેસની સ્થિતિ જોઈ રાજકીય વિશ્લેષકો પણ ગોથે ચડ્યા કે આ કેવી રીતે શક્ય છે અને થયું પણ કઇંક એવું.. તાજેતરમાં આવેલા નગરપાલિકાનાં પરિણામો અને ગુજરાત કોંગ્રેસની નિષ્ક્રિયતા જોઈને રાજકીય વિશ્લેષકોની વાત પણ ખરી સાબિત થતી હોય તેમ લાગી રહ્યું છે.આ બધા વચ્ચે અચાનક જ કોંગ્રેસે જાહેરાત કરી કે ૮ અને ૯ એપ્રિલ દરમિયાન ગુજરાતમાં કોંગ્રેસનું મહાઅધિવેશન મળશે. છેલ્લે આ પહેલાં ૧૯૬૧માં ભાવનગરમાં કોંગ્રેસનું અધિવેશન યોજાયું હતું. એટલે કે ૬૪ વર્ષ પછી ગુજરાતમાં કોંગ્રેસનું અધિવેશન યોજાશે.બસ પછી શું મૃતઃપાય બનેલી ગુજરાત કોંગ્રેસમાં નવા પ્રાણ ફૂંકાયા છે. અચાનક કોંગ્રેસમાં નવી ઊર્જા જોવા મળી રહી છે. ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતાઓ આળસ ખંખેરી પાછા બેઠા થયા છે અને સોશિયલ મીડિયામાં પણ છેલ્લા ઘણા સમય બાદ ફરી એકવાર કોંગ્રેસ અને રાહુલ ફિવર જોવા મળી રહ્યો છે. ગુજરાત કોંગ્રેસ અને કોંગ્રેસના સિનિયર નેતાઓના ટ્વિટર હેંડલ પર રાહુલ ગાંધીને આવકારતી પોસ્ટ જોવા મળી રહી છે.

હવે રાહુલ ગાંધી આવતીકાલથી ૭-૮ માર્ચે ગુજરાત આવી રહ્યા છે. એરપોર્ટ પર રાહુલ ગાંધીનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. બે દિવસના ગુજરાત પ્રવાસમાં રાહુલ ગાંધી કોંગ્રેસના સિનિયર નેતાઓ અને કાર્યકરો સાથે બેઠક કરશે અને મૃતઃપાય બનેલી કોંગ્રેસમાં પ્રાણ ફૂંકવાનો પ્રયાસ કરશે. તો આવો સૌપ્રથમ રાહુલ ગાંધીના ગુજરાતના બે દિવસના કાર્યક્રમ વિશે જાણીએ...રાહુલ ગાંધી ૨ દિવસની મુલાકાત દરમિયાન આશ્રમ રોડ ખાતેની હયાત હોટલમાં રોકાશે. બપોરે લંચ માટે હયાત હોટલમાં જશે. રાહુલ ગાંધીનો સવારે ૧૦થી સાંજે ૭ વાગ્યા સુધીનો સત્તાવાર કાર્યક્રમ છે. સાંજે ૭ બાદ તેઓ અમદાવાદમાં કોઈ સ્થળે સરપ્રાઈઝ મુલાકાત માટે જઈ શકે છે.કોંગ્રેસ ભવનમાં સવારે ૧૦થી સાંજે ૭ વાગ્યા દરમિયાન કુલ ૪ અલગ અલગ બેઠક મળશે. આ તમામ બેઠક અલગ અલગ સ્થળે મળશે. પ્રથમ બેઠક પ્રદેશ નેતા, વિપક્ષ નેતા અને પૂર્વ પ્રદેશના પ્રમુખ તથા પૂર્વ વિપક્ષના નેતા સાથે થશે.કોન્ફરન્સ હોલમાં પ્રથમ બેઠક મળશે. જેમાં ૧૦થી વધુ હોદ્દેદારો હાજર રહેશે. ત્યારબાદ બીજા માળે પોલિટિકલ અફેર કમિટીની બેઠક મળશે. જેમાં ૨૫થી વધુ લોકો હાજર રહેશે તથા જિલ્લા તથા શહેર પ્રમુખ સાથે મિટિંગ કરશે જેમાં ૫૦થી વધુ લોકો હાજર રહેશે.બપોર બાદ ચોથા માળે તાલુકા અને નગરપાલિકાના પ્રમુખ સાથે બેઠક થશે. જેમાં ૩૦૦થી વધુ લોકો હાજર રહેશે. આમ એક જ દિવસમાં કોંગ્રેસ કાર્યાલયમાં ૩ અલગ અલગ જગ્યાએ ૪ બેઠક કરશે. સાંજે ૫ વાગ્યા બાદ નક્કી કરેલા હોદ્દેદારો અને વ્યક્તિઓ સાથે અલગથી બેઠક કરવામાં આવશે.કાર્યકર્તા સંમેલનમાં પ્રદેશ, જિલ્લા, શહેર અને સેલના તમામ હોદ્દેદારો હાજર રહેશે. રાહુલ ગાંધીના કાર્યક્રમનો મૂળ હેતુ કાર્યકરો સાથે સીધા સંવાદનો છે. પક્ષ માટે શું કરી શકાય અને શું બદલી શકાય તે રાહુલ ગાંધી જાણશે.આ પ્રથમ વખત હશે જ્યારે તાલુકા અને વોર્ડના આગેવાન સાથે કોઈ રાષ્ટ્રીય નેતા મુલાકાત કરશે. લોકોના પ્રશ્નો જાણીને લોકો સુધી સાચી વાત પહોચાડવાનો પ્રયાસ કરાશે. આ મુલાકાત દરમિયાન આગામી રણનીતિ તૈયાર કરવામાં આવશે.આ અધિવેશન માટે સ્થળ પસંદગી કરવા કોંગ્રેસના કાર્યકારી સંગઠન મહામંત્રી કે. સી. વેણુગોપાલ ગુજરાત આવ્યા હતા. તેમણે કોંગ્રેસના અધિવેશન માટે રિવરફ્રન્ટ, કલબ ઓ સેવન, શાહીબાગનું સરદાર સ્મારક અને અન્ય એક સ્થળની મુલાકાત લીધી હતી. જો કે ટ્રાફિકની સુગમતા અને કોંગ્રેસ કાર્યાલય નજીક હોવાથી રિવરફ્રન્ટને અધિવેશનના સ્થળ તરીકે ફાઈનલ કરાયું છે. આ અધિવેશનમાં સમગ્ર દેશમાંથી કોંગ્રેસના નેતાઓ ગુજરાત આવશે.જ્યાં બંધારણ તેમજ તેનાં મૂલ્યો પર થતા સતત હુમલાઓ અને ભાજપની જનવિરોધી નીતિઓ અંગે ચર્ચા થશે અને પક્ષની આગામી કામગીરી અંગે માર્ગદર્શન નિર્ધારિત કરવામાં આવશે. કોંગ્રેસ લગભગ ૩૦ વર્ષથી ગુજરાત પર કબજો કરી શકી નથી અને પાર્ટીએ અનેક પ્રયાસ કર્યા છતાં દર ચૂંટણીમાં એ સફળ થઈ શકી નથી. તાજેતરમાં જ ગુજરાતમાં નગરપાલિકાની ચૂંટણી યોજાઈ હતી, એમાં પણ કોંગ્રેસ નિષ્ફળ ગઈ છે. હવે કોંગ્રેસે મિશન-૨૦૨૭ હેઠળ અત્યારથી જ ચૂંટણીની તૈયારીમાં લાગી ગયું છે. અધિવેશન ૮ એપ્રિલે વિસ્તૃત કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક સાથે શરૂ થશે, જે પછી ૯ એપ્રિલેના રોજ છૈંઝ્રઝ્ર પ્રતિનિધિઓની બેઠક યોજાશે. આ બંને બેઠકમાં માનનીય કોંગ્રેસ-અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અધ્યક્ષતા કરશે તેમજ કોંગ્રેસ સંસદીય પક્ષની અધ્યક્ષ સોનિયા ગાંધી, લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસશાસિત રાજ્યોના તમામ મુખ્યમંત્રીઓ, રાષ્ટ્રીય પદાધિકારીઓ, વરિષ્ઠ નેતાઓ અને અન્ય છૈંઝ્રઝ્ર પ્રતિનિધિઓ હાજર રહેશે.

ગુજરાત વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહનું ગૃહરાજ્ય હોવાના કારણે અહીંની દરેક ચૂંટણી મહત્ત્વની હોય છે. આવી સ્થિતિમાં કોંગ્રેસને લાગે છે કે જો આગળ વધવું હોય તો મ્ત્નૅને ગુજરાતમાં હરાવવી પડશે. કોંગ્રેસ એક-બે મહિનામાં આગામી બે વર્ષનો કાર્યક્રમ તૈયાર કરી લેશે.

### ગુજરાતમાં ભાજપને હરાવવાનો રાહુલનો પડકાર

**લોકસભા ચૂંટણી-૨૦૨૪ બાદ રાહુલ ગાંધી જુલાઈ, ૨૦૨૪માં ગુજરાત મુલાકાતે આવ્યા હતા. તેમણે કોંગ્રેસના કાર્યકર્તાઓને સંબોધતાં કહ્યું હતું કે આપણે જે રીતે ભાજપને અયોધ્યામાં હરાવ્યો એ રીતે ગુજરાતમાં પણ હરાવીશું. કોંગ્રેસના ટોચના નેતાઓની પણ ગુજરાત મુલાકાત વધી ગઈ છે. ગુજરાત કોંગ્રેસના નેતા કહેતા હોય છે કે રાહુલ ગાંધીએ ગુજરાતમાં ભાજપને હરાવવાનો ગત વર્ષે જ પડકાર ફેંક્યો હતો. એ વખતે તેમણે સંસદમાં કહ્યું હતું કે તમે લખીને રાખો, આ વખતે અમે તમનેગુજરાતમાં હરાવીશું. વિપક્ષ ઈન્ડી ગઠબંધન ભાજપને ગુજરાતમાં હરાવશે.**



### મહિનામાં બે વાર ગુજરાત આવશે રાહુલ ગાંધી

**આમ આવતીકાલની બે દિવસની મુલાકાત અને કોંગ્રેસ અધિવેશન એમ મહિનામાં બે વાર રાહુલ ગાંધી ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. અહીંથી જ તેઓ ગુજરાતમાં સંગઠન તૈયાર કરવા માટે નવું મોડલ આપશે. અને જે બાદમાં સમગ્ર દેશમાં લાગુ કરાશે. આમ રાહુલ ગાંધીની અચાનક સક્રિયતા જોઈ ગુજરાત કોંગ્રેસમાં નવો જોમ જોવા મળી રહ્યો છે.ઉલ્લેખનીય છે કે અગાઉ રાહુલ ગાંધી લગભગ ૮ મહિના પહેલાં પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે પથ્થરમારાની ઘટના બાદ અમદાવાદ આવ્યા હતા. ત્યારે તેમણે કોંગ્રેસ કાર્યકરો સાથે મુલાકાત બાદ ગુજરાતના દુર્ઘટના પીડિતોને પણ મળ્યા હતા. અને બોટકાંડ, અગ્નિકાંડના મુદ્દાને સંસદમાં ઉઠાવાની ખાતરી આપી હતી.**

## તંત્રી લેખ...

# હવે ઈન્કમ ટેક્સના અધિકારીઓ તમારા ઈ-મેઈલમાં ડોકિયું કરી શકશે, નવા કાયદામાં જોગવાઈ

આવકવેરા અધિકારી હવેથી તમારા ઈ-મેઈલ એકાઉન્ટ, સોશિયલ મિડીયા એકાઉન્ટમાં પણ પ્રવેશી શકશે. આવકવેરાના નવા કાયદામાં કરવામાં આવેલી જોગવાઈ હેઠળ આવકવેરા અધિકારીને આ સત્તા મળી રહી છે. પહેલી એપ્રિલ ૨૦૨૬થી નવો કાયદો અમલી બનશે. ત્યારબાદ આવકવેરા અધિકારી ઈચ્છે તેના ઈ-મેઈલ એકાઉન્ટ, વોટસએપ એકાઉન્ટ, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક, ટ્વિટર એકાઉન્ટની ચકાસણી કરી શકશે. ભારત ડિજિટલ યુગમાં પ્રવેશી ચૂક્યું છે. આ સ્થિતિમાં આવકવેરાની ચકાસણી કે તપાસ પણ ડિજિટલ યુગની બરોબરી કરી શકે તેવી હોવી જોઈએ તેવી ગણતરી સાથે આ જોગવાઈ કરવામાં આવી છે. પહેલી એપ્રિલ ૨૦૨૬થી અમલમાં આવનારા નવા ઈન્કમટેક્સ એક્ટ હેઠળની કલમ ૨૪૭માં કરવામાં આવેલી જોગવાઈ મુજબ આવકવેરા ખાતાને કરદાતાના સોશિયલ મિડીયા એકાઉન્ટની ચકાસણી કે તપાસ કરવાના અધિકાર મળશે. આવકવેરા અધિકારી કરદાતાના પ્રોફાઈલની, ઈ-મેઈલની, બેન્ક એકાઉન્ટ, ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટ અને ટ્રેડિંગ એકાઉન્ટની ચકાસણી કરી શકશે. આ ચકાસણી પછી તેમને લાગે કે સંબંધિત કરદાતાએ વેરાની ચોરી કરી છે, તેની પાસે જાહેર ન કરેલી મિલકત છે અથવા રોકડ, સોનું કે પછી દાગીના છે કે અન્ય કોઈ મૂલ્યવાન વસ્તુઓ છે તો તે તમારા ખાતાની ચકાસણી કરી શકશે.

# "ડાંગ દરબાર" ને લઈને જિલ્લા વહીવટી તંત્રે હાથ ધરી કામગીરી આગામી તારીખ ૯ થી ૧૨ માર્ચ-૨૦૨૫ દરમિયાન આહવાના આંગણે યોજાશે ભાતીગળ મેળો




આહવા

ડાંગ જિલ્લાની ભાતીગળ લોક સંસ્કૃતિને ઉજાગર કરતાં 'ડાંગ દરબાર' નો ઐતિહાસિક લોકમેળા આગામી તા.૯ થી ૧૨ માર્ચ-૨૦૨૫ દરમિયાન આહવાના આંગણે યોજાનારા છે. ડાંગ જિલ્લા વહીવટી તંત્રે સમગ્ર લોકમેળાને વધુ લોકભોગ્ય બનાવવા, તથા તેના સૂચારુ આયોજન-વ્યવસ્થા બાબતે તૈયારીઓ આરંભી દીધી છે. ડાંગ કલેક્ટર શ્રી રાજ સુથારના વડ પણ હેઠળ રચાયેલી જુદા જુદા વિભાગો/અધિકારીઓ ની કમિટિઓને સોપવામાં આવેલી વિવિધ કામગીરી હાલમાં ચાલી રહી છે.

જેમાં હાલ જિલ્લાની મુખ્ય સંકલન સમિતિની કામગીરી સાથે સ્ટેજ-મંડપ અને બેઠક વ્યવસ્થા અને મહાનુભાવોના સ્વાગત માટેની સમિતિ, સાંસ્કૃતિ કાર્યકમો માટેની સમિતિ, સફાઈ અને સેનિટેશન સમિતિ, પીવાના પાણીની વ્યવસ્થા, મનોરંજન માટેના પ્લોટ અને વાણિજ્ય પ્લોટની ફાળવણી, ટ્રાફિક નિયમન, રાજવીશ્રીઓને ચૂકવાતા પોલિટિકલ પેન્શનના ચૂંકવણા, મહાનુભાવોના લાયઝનીંગ સહિત રહેવા-જમવાની વ્યવસ્થા, આપતિ વ્યવસ્થાપન, અને મેડિકલ સુવિધાઓ વિગેરે વિશે હાલ કામગીરી કરવામાં આવી રહેલ છે.

ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લાના પ્રજાજનોમા અદકેરું સ્થાન મેળવનારા રાજવીશ્રીઓનુ 'ડાંગ દરબાર'ના મેળા દરમિયાન ઐતિહાસિક પોલિટિકલ પેન્શન એનાયત કરવા સાથે, તેમનુ પરંપરાગત રીતે સ્વાગત/અભિવાદન કરવામા આવે છે. આ અવસરે રાજયના રાજયપાલશ્રી વિશેષ ઉપસ્થિત રહી આ પરંપરાને જાળવે છે. તે પૂર્વે રંગારંગ સાંસ્કુતિક કાર્યક્રમોની રમઝટ સાથે રાજવીશ્રીઓની ભવ્ય શોભાયાત્રા પણ આયોજિત કરવામાં આવે છે. જ્યારે મેળાના દિવસો દરમિયાન દરરોજ સાંજે રંગ ઉપવનના રંગમંચ ઉપર રંગારંગ સાંસ્કુતિક કાર્યક્રમો પણ આયોજિત કરવામાં આવે છે.

# જિલ્લા કલેકટર શ્રી મેહુલ કે. દવેના. નેતૃત્વમાં ભૂસ્તર તંત્ર દ્વારા સઘન ચેકીંગ ના પરિણામે ભૂમાફિયાઓની ઉંઘ હરામ

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી મેહુલ કે. દવેના માર્ગદર્શન હેઠળ ખનીજ ચોરી કરતા ઈસમો સામે સતત કાર્યવાહી નો દોર ચાલુ રાખતા, કડક તપાસ અને ચેકીગ ના પરિણામે ભૂમાફિયાઓની ઉંઘ ઊડી ગઈ છે.કલેક્ટરશ્રી, ગાંધીનગર મેહુલ દવે ના સતત માર્ગદર્શન અને મદદનીશ ભુસ્તરશાસ્ત્રી પ્રણવ સિંહ ની સુચના હેઠળ ગાંધીનગર જીલ્લાના મદદનીશ ભુસ્તરશાસ્ત્રીની કચેરી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું ની ક્ષેત્રીય ટીમ દ્વારા કરવામાં આવતી સતત બિનઅધિકૃત ખનીજ ખનન, વહન અને સંગ્રહ અન્વયેની કામગીરી દરમ્યાન અત્રેની કચેરીના મહિલા કર્મચારી રોયલ્ટી ઈન્સ્પેકટરશ્રી મેહુલા સભાયા અને માઈન સુપરવાઈઝરશ્રી નવ્યા દ્વારા તા.૦૫/૦૩/૨૦૨૫ ના રોજ સાદીરેતી ખનિજના બિનઅધિકૃત રોયલ્ટી પાસ વગર તથા ઓવરલોડ વહન સબબ કુલ ૦૨ વાહન જપ્ત કરવામાં આવેલ છે. જેમાં (૧) મોજે-ઉવારસદ, તા. જિ. ગાંધીનગરના ઉવારસદ ચોકડી પાસેથી વાહનમાલિકશ્રી દિલીપભાઇ પટેલ દ્વારા ડમ્પર નં.જીજે-૦૧-જીજી-૯૫૬૬ ના સાદીરેતી ખનિજનું રોયલ્ટી પાસ કરતા વધુ બિનઅધિકૃત વહન કરતા તથા ચંદ્રાલા, ગાંધીનગર પાસેથી ડમ્પર નં. છજી-૦૨-જીઝ-૬૪૧૫ ના સાદીરેતી ખનિજનું રોયલ્ટી પાસ વગર બિનઅધિકૃત વહન કરતા પકડવામાં આવેલ છે.

આમ, ૦૨ વાહનોની આશરે કુલ ૬૦ લાખ જેટલી ખનિજ કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે. આમ, ઉપરોક્ત જપ્ત કરેલ વાહન વાહનમાલિક વિરૂધ્ધ ગુજરાત મિનરલ (પ્રિવેન્શન ઓફ ઈલ્લીગલ માઈનીંગ,ટ્રાન્સપોર્ટેશન અને સ્ટોરેજ) નિયમો-૨૦૧૭ ના નિયમો હેઠળ દંડકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# રાજકારણ કરતાં શિક્ષણને પ્રાધાન્ય આપવુંઃ NEP 2020 અને મજબૂત ભારત માટે ત્રણ ભાષાની ફોર્મ્યુલા

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ (છર્મ્ઈજીસ) દ્રઢપણે માને છે કે શિક્ષણ રાજકીય હિતોથી ઉપર હોવું જોઈએ અને દેશના વિકાસમાં એકીકૃત બળ તરીકે સેવા આપવી જોઈએ. નેશનલ એજ્યુકેશન પોલિસી (દ્બઈઁ) ૨૦૨૦ એ એક સીમાચિહ્નરૂપ સુધારો છે જેનો ઉદ્દેશ્ય ભારતની ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતાને સાચવીને અને તેને મજબૂત કરીને વૈશ્વિક ધોરણો સાથે સંરેખિત કરીને ભારતની શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન લાવવાનો છે.

છર્મ્ઈજીસ ત્રણ ભાષાના ફોર્મ્યુલા અને સમગ્ર દેશમાં દ્બઈઁ ૨૦૨૦ ના અમલીકરણના મજબૂત સમર્થનમાં છે. આપણા રાષ્ટ્રની સાંસ્કૃતિક નીતિઓ ભાષાકીય વિવિધતા અને રાષ્ટ્રીય એકતાને એકબીજાના પૂરક માને છે. દ્બઈઁ ૨૦૨૦ માં ત્રણ ભાષાનું સૂત્ર ભારતીય ભાષાઓના શીખવાને પ્રોત્સાહન આપે છે, જે કોઈપણ બે ભારતીય ભાષાઓને શીખવવાની મંજૂરી આપે છે, જ્યારે ત્રીજી ભાષા કાં તો ભારતીય અથવા વિદેશી ભાષા હોઈ શકે છે. આ નીતિ બહુભાષીયતાને પ્રોત્સાહિત કરે છે, લવચીકતા પ્રદાન કરે છે અને માતૃભાષા અથવા માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણને પ્રોત્સાહન આપે છે. છર્મ્ઈજીસ ના પ્રમુખ પ્રો. નારાયણ લાલ ગુપ્તાએ ભાર મૂક્યો હતો કે ભાષાકીય વિવિધતા એ ભારતના જીવંત અને કેલિડોસ્કોપિક સામાજિક માળખાની તાકાત છે, જેને દ્બઈઁ ૨૦૨૦ યોગ્ય રીતે પ્રોત્સાહન આપે છે. તેમણે પુનરોચ્ચાર કર્યો હતો કે દ્બઈઁ ૨૦૨૦ કોઈપણ ભાષા લાદતું નથી પરંતુ તેના બદલે પ્રાદેશિક અને રાષ્ટ્રીય ભાષાઓને અપનાવવા માટે પ્રોત્સાહિત કરે છે, જેમાં સમાવેશીતા અને શૈક્ષણિક પ્રગતિ સુનિશ્ચિત થાય છે. છર્મ્ઈજીસ ના જનરલ સેક્રેટરી પ્રો. ગીતા ભટ્ટે જણાવ્યું હતું કે તે દુર્ભાગ્યપૂર્ણ છે કે અમુક રાજકીય હિતો દ્બઈઁ ૨૦૨૦ નો વિરોધ કરી રહ્યા છે, જેના કારણે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શૈક્ષણિક સંસ્થાઓને તેની વિશાળ તકોથી વંચિત રાખવામાં આવે છે. તેણીએ ધ્યાન દોર્યું કે ઘણા બિન-ભાજપ-શાસિત રાજ્યોએ દ્બઈઁ ના તત્વોને સ્વીકાર્યા છે, તેના ફાયદાઓને માન્યતા આપી છે. તેથી, આ પરિવર્તનકારી નીતિનું રાજનીતિકરણ કરવું અને કેન્દ્ર સરકાર દ્વારા સમર્થન આપવામાં આવેલ સહકારી સંઘવાદની ભાવનાની અવગણના કરવી અયોગ્ય છે.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ભારતની ભાષાકીય અને સાંસ્કૃતિક વારસા પ્રત્યે વડાપ્રધાનની પ્રતિબદ્ધતાને સ્વીકારે છે, જેમ કે કાશી તમિલ સંગમમ અને સૌરાષ્ટ્ર તમિલ સંગમમ જેવી પહેલોમાં જોવા મળે છે. આ પ્રયાસો તમિલનાડુ અને ભારતના અન્ય પ્રદેશો વચ્ચે ઊંડા મૂળના જોડાણોની ઉજવણી કરે છે. અનુવાદિની અને ભાશિની જેવા છૈં-આધારિત અનુવાદ સાધનોમાં તાજેતરની પ્રગતિઓ ભાષાકીય સમાવેશ માટે કેન્દ્ર સરકારના સમર્પણ પર વધુ ભાર મૂકે છે.

# ડાંગ જિલ્લાના આહવા તળાવમાં નાહવા, સેલ્ફી લેવા, માછલી પકડવા પકડવા પર પ્રતિબંધ

આહવા

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે આગામી તારીખ ૯ થી ૧૨ માર્ચ ૨૦૨૫ દરમિયાન આહવા ખાતે ઐતિહાસિક ડાંગ દરબાર મેળાનું આયોજન કરવામાં આવનાર છે.

ડાંગ દરબારના મેળા પ્રસંગે મોટી સંખ્યામાં લોકો આવતાં હોય, આહવા તળાવમાં નાહવા, સેલ્ફી લેવા, માછલીને ફીડીંગ કરવા, માછલી પકડવા, કપડા ધોવા જેવી પ્રવૃતિઓ કરવાથી ડુબી જવાના બનાવો બનવાની શક્યતા રહેલી છે.

જે ધ્યાને લેતા ડાંગના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એસ.ડી.તબીયાર દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ (મ્દ્ગજીજી) ની કલમ – ૧૬૩ મુજબ આહવા ખાતેના તળાવમાં કોઇ પણ વ્યક્તિને નાહવા, સેલ્ફી લેવા, માછલીને ફીડીંગ કરવા, માછલી પકડવા, કપડા ધોવા જેવી પ્રવૃતિઓ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા- ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

આ જાહેરનામુ તા. ૮ થી ૧૨ માર્ચ ૨૦૨૫ સુધી અમલમા રહેશે.

# ડાંગ જિલ્લા ઉત્તર વન વિભાગ દ્વારા આહવા ખાતે દવ સંરક્ષણ અંગેની કાર્ય શિબિર યોજાઇ



આહવા-ડાંગ

તારીખ ૨૮/૦૨/૨૦૨૫ ના રોજ ડાંગ જિલ્લાના ઉત્તર ડાંગ વન વિભાગ દ્વારા નાયબ વન સંરક્ષક શ્રી દિનેશ એન. રબારી ના માર્ગદર્શન હેઠળ દંડકારણ્ય હોલ આહવા ખાતે દવ સંરક્ષણ અંગે એક કાર્ય શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ઉત્તર ડાંગ વન વિભાગ હસ્તકના તમામ રેંજ સ્ટાફ તેમજ ઉત્તર ડાંગમાં આવેલી તમામ જંગલ કામદાર મંડળીઓ ના પ્રમુખ/મંત્રી અને જે.એફ.એમ.સી વન પ્રમુખ/મંત્રી તેમજ ઇ.ડી.સ ઉપસ્થિત રહ્યા હતાં. ઉત્તર ડાંગ વન વિભાગનો મોટા ભાગનો વિસ્તાર વનરાજી થી ઘેરાયેલ વિસ્તાર છે. જેમાં જંગલ અને જંગલમાં રહેનાર પ્રાણી, વનસ્પતિ તેમજ જીવ જતું સંરક્ષણ થાય તે મહત્વનું છે. ઉનાળા દરમિયાન જંગલમાં દવ લાગવાની ઘટનાઓ બનતી હોય છે. જેથી, આ શિબિરમાં દવ લાગવાની ઘટનાઓ ને કઇ રીત ના અટકાવી શકાય તેમજ આવી આકસ્મિક બનતી ઘટનાઓ ટાળવા માટે જન સંપર્ક જળવાય રહે તે માટે વન પ્રતિનિધિઓને પહેલ કરવામાં આવી હતી. શિબિરમાં મદદનીશ વન સંરક્ષક શ્રી રાહુલ પટેલે દવ કાર્ય શિબિર નુ પ્રેઝ્ન્ટેશન રજુ કર્યું હતું. જેમા જંગલમાં આગ ક્યા કારણોસર લાગે? તેના પરિણામો વન, પ્રાણી ,જીવ જતુ, માનવ વગેરે પર કેવા પ્રકારની અસર થઇ શકે, તેમજ આવી પરિસ્થિતિ માંથી બચવા માટેના ઉપાય સૂચવ્યાં હતાં. આ સાથે જ જંગલ બચાવવાનો એક જ ઉપાય જંગલને દવથી બચાવો અને જંગલ બચાવોનો વિચાર વહેતો મુક્યો હતો. આ શિબિરમાં ઇ.હ્વ.ઝ. ૧૩૫ માં દવ સંરક્ષણનું ડેમોસ્ટ્રેશન પણ રાખવામા આવ્યું હતું.

# હે લગ્નમાં આને કોણે નોતરા આપેલા ?

' કન્યાના બાપાને બોલાવો. અબઘડી હાજર કરો. આકાશ કે પાતીળમાંથી હાજર કરો.' આવો હુકમ કોણ કરી શકે? ગોરમહારાજ? રામ રામ રામ ભજો. ગોરને તો વર મરો, કન્યા મરો પણ દક્ષિણાનું તરભાણું નહીં પણ દક્ષિણાનો દરિયો ભરવામાં રસ હોય. આ તો વરના પરમ પૂજય પિતાશ્રી ( જયાં સુધી લગ્ન ન પતે ત્યાં સુધી ગધેડાને ગરજે બાપ કહેતા હોઈએ દો આ તો વરનો બાપ છે. આઈ મિન ગધેડાના બાપ છે. વરના બાપને પાટલેથી ખાટલે અને ખાટલેથી પાંટલે કરવો પડે.

' બોલો સાહેબ શું હુકમ છે?' કન્યાના બાપ રાજુલાલ નરમાશથી પૂછયું. રાજુલાલ હાંફળાફાંફળા થઈ ગયેલા. વર કન્યાનો હથોવાળો બાકી હોય, જાન ઉંઘલી ન હોય ત્યાં સુધી કન્યાના બાપાને ટેન્શન હોય. માનો કે ભોંમાંથી ભાલા વાગવાની બીક હોય.

' રાજુલાલ આ બધું શું માંડ્યું છે?' લોભશંકરે પૂછયું. વરના બાપનું નામ લાભશંકર હતું. લાભશંકર પ્રકૃતિએ અતિલોભી હોવાના કારણે સૌ પીઠ પાછળ લોભશંકર કહેતા.

' શેની વાત કરો છે રાજમાન રાજેશ્વરી?' રાજુલાલે વરના બાપને માખણ લગાવ્યું .

' તમે બધુ જાણો છો અને અજાણ્યા થવાનો ડોળ કરો છો? જાગતા પલાળો છો? લોભશંકર બરાડ્યા.

' મારી દીકરી કોઇને લઈને ભાગી ગઇ એ અફવા તમારા સુધી પણ પહોંચી ગઈ વેવાઈ?તેમાં કોઇ દમ નથી. દીકરી તો બ્રાઉડલ મેકઅપ કરવા પાર્લરમાં ગઈ છે. વેવાઈ આપણે તો સાત ભવનો સંબંધ જોડ્યો છે. પહેલાં ભવમાં શંકાકુશંકા કરશો તો આપણો સંઘ કાશીએ તો ઠીક પણ કલોલ પણ નહીં જાય.' રાજુલાલે સ્પષ્ટતા કરી.

' અરે , રાજુલાલ તમે તો પિતળ છો તેમાં શંકાને કોઈ સ્પખામ નથી!પણ અમારી વેવાણ અને અમારી થનાર પુત્રવધૂ તો સોનાની લગડી છે.' લોભશંકરને વેવાણ પર ક્રશ હતો. એટલે મોકે કે ચોકા લગાયા.

' જુઓ ,પામરાદારણીયપ જમણવારમાં ગુલાબજાંબુ ખૂટ્યા હતા. હું તેનો ઈન્કાર કરતો નથી. હું જાતે મારતી મોટરે કંદોઈને જઇ ત્યાંથી બસો કિલો ગુલાબજાંબુ લઈ આવ્યો છું હવે કોઇ તકલીફ નથી.' રાજુલાલે ઓશિયાળા થઈને ખુલાસો કર્યો.

' રાજુલાલ, હું એની વાત કરતો નથી. ' લોભશંકર ગુસ્સો થૂંક્યો .

' જુવો વેવાઈ સાહેબ, વાત થયા મુજબ બધા જાનૈયાને પહેરામણીમાં દસ ગ્રામ સોનાનો સિક્કો, તમને વેવાણને કાર મળી જશે.' રાજુલાલનો શ્વાસ અધ્ધર થઈ ગયો. લોભશંકર જાન પાછી લઈ જાય તો રાજુલાલની ઈજ્જતનો ફાલૂદો અને ખીમો થઈ જાય.

' રાજુલાલ, અમે કયાં કંઈ માંગ્યું છે? અમે તો ચપટી કંકુકન્યા લઈ જવાના છીએ. તમને છોકરીને આપવાનો ઉજમ છે.એ સારું છે. તમે જેટલું આપશો તેટલી તમારી દીકરી વધુ સુખી થશે.' લોભશંકર હિપોક્રસીનો હિટલર હતો.તેના દંભનો કોઈ જવાબ કે સવાલ ન હતો.

'એય, છગન વેવાઈ માટે અમેરિકન નટ આઈસક્રીમ લઈ આવ. કોલ્ડ ડ્રીંક લઈ આવ. વેવાઈ જવાળામુખી જેવા થઈ ગયા છે. તાજિયાની જેમ વેવાઈ સાને ટાઢા કરવા પડશે..' રાજુલાલે તેના દીકરાને ઓર્ડર કર્યો.. રાજુલાલ બે હાથ જોડી ગરીબડી ગાય જેવા થઈને ઉભા રહ્યો.

' રાજુલાલ, આ નાટકચેટક બંધ કરો. મારા સવાલનો જવાબ મને મળ્યો નથી. મને જવાબ નહીં મળે તો જાન લીલા તોરણે પાછી જશે.' રાજુલાલે આટઆટલું માખણ લગાવ્યાં છતાં લોભશંકર સંગદિલ રહ્યા.

' ભૈસાબ, હું તમારી ગાય છું, તમે મારી સામે નહીં પરંતુ, મારી દીકરી સામે તો જુવો. મારી ઈજ્જત તમારા પગમાં છે.' આમ કહી રાજુલાલે પોતાનો સાફો લોભશંકરના અડદવર્ણા ચરણબાવળમાં પાથર્યો. રાજુલાલની આંખમાંથી આલ્કાઈન એટલે કે પ્યોર પાણી જેવા આંસુ ટપકી રહ્યા હતા. ગમે તેવો પથ્થરદિલ પણ પીગળી જાય.

' રાજુલાલ,લગ્નમાં કોને કોને બોલાવ્યા તેની મને યાદી આપો. આ યાદી મારે અભી ને અભી અબઘડી જોઈએ છે. યાદી નહી્ મળે તો મારો છોકરો લગ્નના ફેરા નહીં ફરે અને તમે ચક્કર ચક્કર ફરવા માંડશો.' લોભશંકરે વેવાઈને સૂકી ધમકી આપી. સૂકી ધમકીથી વેવાઈને હાર્ટએટેક આવી જાય .ભીની ધમકી આપે તો દુનિયામાંથી ઉકલી જાય.

' તમારે એ યાદીથી શું મતલબ છે? લગ્નનના માંડવે થનાર ખર્ચ તો કન્યાની કેડ પર નહીં.તમારે એક કાવડિયું કાઢવાનું નથી પછી હું કાળા ચોરને આમંત્રણ આપું તો તમારે શું લેવાદેવા?
.' રાજુલાલ થોડા તપી ગયા.

' રાજુલાલ, અત્યારે લગ્નમાં આમંત્રણ હોય કે ન હોય કેટલાક ખાટસવાદિયા જમવાનું ઠુંસવા માન ન માન મે તેરા મહેમાનની ઈસ્ટાઈલથી ઘૂસી જતા હોય છે. અમદાવાદમાં એક સેલ્સટેકસ અધિકારીના દરજજાના અધિકારીને લગ્નમાં ઘૂસી મફત ખાવાનો હરામ ચસ્કો લાગેલ હતો.તદન મફત
જયાફત ઉડાડવાના ચક્કરમાં રંગે હાથે નહીં પણ એંઠા મોં અને હાથે ઝડપાયા હતા. જો કે, સેલ્સટેકસ અધિકારી કેટરરે જીએસટી ભરેલ છે કે નહીં તેની ચકાસણીના ઓઠા હેઠળ લગ્નમાં આવ્યા હોત તો સ્વાદિષ્ટ ભોજન ઉપરાંત સ્વાદિષ્ટ લાંચ પણ પામ્યા હોત.' લોભશંકરે મફતિયાની પોથી ખોલી.

' હઅ્ ઠીક છેપ' રાજુલાલ બોલ્યા.

' શું કંકોડા ઠીક છે? તમારે ત્યાં બિન બોલોયે મહેમાન આ ધમકયા છે.' લોભશંકરે રહસ્યોદઘાટન કર્યું.

' કોણ છે? કેટલા છે? પચીસસો રૂપિયાની થ્રી કોર્સ ડીનર ડીશ છે. મારો તો ભઠો બેસી જશે.' રાજુલાલે સવાલોની ઝડી વરસાવી.

' રાજુલાલ પેલા ખૂણામાં જુવો. કંઈ ન દેખાય તો દૂરબીન , માઈક્રોસ્કોપ,પેરિસ્કોપ, ટેલિસ્કોપ લગાવો.' લોભશંકરે હાથ લાંબો કરી વાયવ્ય ખૂણે મફતાગતુંક દેખાડી

' અરે એની બુનનો ધણી કરૂંપ એવું રાજુલાલ એલફેલ બબડ્યા.કન્યાનો બાપ ટેન્શનમાં માનસિક સંતુલન ગુમાવી ગમે તે બોલે.આપણે આંખ આડા કાન ( આંખ આડા કાન કેવી રીતે થાય તે જાણતા હો તો અમને પણ સમજાવજો.)કરવા પડે.

લોભશંકરે જે સ્પોટ પર લાઈટ ફેંકેલી ત્યાં શ્યામાંગના મહિષાકુમારી ગુલાબજાંબુના બાઉલમાં મોઢું નાંખી ગુલાબજાંબુ વિથ ચાસણી રાડા ખાતી હોય તેવા ચાવથી ચબડ ચબડ ચબડ ચાવતી હતી. તેના મુખમાંથી લાળ રસ ટપકીને બાઉલને પવિત્રાણામ્ પવિત્ર કરતો હતો. તેનો હવે પછીનો ટાર્ગેટ અંગૂરરબડી, સમોસા વગેરે વગેરે હતો. દાળભાત એ તો ઘાસફૂસ કહેવાય. એના તરફ મહિષાકુમારી આઇ મિન ભેંસે લમણું પણ વાળેલું નહીં.'આ દેખે જરા કિસમેં કિતના હૈ દમ ' જેવો લડાયક મિજાજ હતો.'હૈ અગર દુશ્મન જમાના દમ દમ નહીં , કોઈ આયે બુફે સે ઉઠાને , હમ કિસીકે કમ નહીં' એવું ગાંગરીને શીંગડા ઉલાળતી હતી.બ્યુટી પાર્લરમાં જઈ મેકઅપ કરીને શ્યામ અપ્સરા તશરીફ લાવેલ. એ પણ સપરિવાર.( લગ્નની કંકોત્રીમાં જ સહ પરિવાર , મિત્રવર્તુળ સાથે આવવાનું આમંત્રણ હતું. તો પછી ઈન્કાર કરવા મુશ્કિલ હોતા હૈ. હૌતા હૈ કી નહીં?)કન્યા પક્ષ, વરપક્ષ કે ઈવન દુલ્હન કે દુલ્હાએ આમઁણ આપ્યા વિના સિકયુરીટીની ઐસી કી તૈસી કરીને બિન બુલાયેલ મહેમાનની જેમ આધમકેલી ભેંસને જોઈ રાજુલાલ વૃક્ષ જમીનદોસ્ત થાય તેમ ફસડાઈ પડયા તે હજુ કોમામાં છે.

જો કે ,ઘટના સ્થળેથી ભેંસનું કાચુંપાકું દબાણ હટાવાયું તે પછી જ વર-વધૂએ હસ્ત મેળાપ કર્યો. કુર્યાત સદા મંગલમ્ .

ભરત વૈષ્ણવ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No.201**
વિષયઃ મનગમતી રચના
શીર્ષકઃ આહ નહીં ચાહ જિંદગી.
પ્રકાર : પદ્ય શબ્દો : ૭૬

ઈશ્વરે બક્ષેલી અણમોલ ભેટ છે જિંદગી,
ખેલદિલી રાખો તો ચાહવા જેવી છે જિંદગી.

જોઈ અન્યની જિંદગી ખોટી આહ ન ભરીએ,
મળી સૌને અહીં સુખ-દુઃખથી ભરેલી જિંદગી.

તુલના ન કરીએ કદી જીવન મળ્યું અણમોલ,
સ્વીકારી લઈ સઘળું માણીએ મધુર જિંદગી.

દ્રષ્ટિકોણ બદલી સ્વ-મૂલ્યાંકન કરતાં રહીએ,
સ્વભરોસો રાખીએ તો મધુર લાગતી જિંદગી.

પ્રયાસ કરીએ સદા જીવન આપણું રહે ઉન્નત,
નિરાશા અને હતાશા છોડી જીવવાની જિંદગી.

સહર્ષ સંઘર્ષનો માર્ગ અપનાવીને ચાલીએ તો,
આહ નહીં પણ ચાહ જેવી લાગતી જિંદગી.

??પૂર્વી સુનીલ પટેલ."ઈશાની" વલસાડ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No-209**
વિષય - મન પસંદ રચના
શિર્ષક-જિંદગી રહે ધબકતી
પ્રકાર- પદ્ય શબ્દ-૯૧

રાખવી જિંદગી ધબકતી,કરવી અવનવી પ્રવૃત્તિ,
રહો એવા પોતાનામાં મગ્ન,ન આવે શોક કે કોઈ રોગ.

પોતાના શોખને કરો પૂરા, ન રહે કોઈ શોક,
ચાર દિવસની જિંદગીની છે સફર,મસ્ત રહો, મદદગાર બનો,
ન ફરિયાદ કોઈ, આબાદ રહો.

ન કર બરબાદ જિંદગી સ્વાર્થમાં,પરમાર્થે કર જિંદગી અર્પણ,
રહે પરમાત્મા ખુશ, એજ સાચી છે જિંદગી,
કરો સેવા રહે મસ્ત જિંદગી,ન લાવ્યા સાથે કાંઈ, ન લઈને જવું.

સ્વધા બન બેફિકર, રહે અલમસ્ત, રાખ ધબકતી જિંદગી, પ્રસરે સદ્ભાવના, મહેકે જિંદગી, બન અલમસ્ત.
સુધા પુરોહિત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSN 0089**
વિષય મનગમતી રચના
શિર્ષક પ્રવેશી ચૂકી છું
પ્રકાર પદ્ય શબ્દો ૬૫

કહું છું બુઢાપાને સ્વાગત છે તારું

ઘડપણના દ્વારેથી પ્રવેશી ચૂકી છું
-
બાળપણની મસ્તીને જુવાનીનું ગાંડપણ

ઘડપણનું શાણપણ ફાવી ગયું છે
-
ઉન્માદ છૂટયો ને સ્વાર્થ કર્યો વેગળો

ડહાપણની દુનિયામાં જામી પડી છું
-
જુવાનીને રામ રામ ઘડપણ તને સલામ

બાળકોનો કલબલાટ માણી રહી છુ
-
પંચમહાભૂતનું આ પાર્થિવ તનડું

ત્યજવાનો સમય આવી ગયો છે
-
હાં કહું છું બુઢાપાને સ્વાગત છે તારું

ઘડપણના દ્વારેથી પ્રવેશી ચૂકી છું

પ્રવિણા કડકિયા.હ્યુસ્ટન

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 166**
વિષયઃ-"મનગમતી રચના"
શિર્ષક :- "મજા તો ત્યારે છે"
પ્રકાર :-પદ્ય શબ્દોઃ- ૧૦૭

એ નજર પણ નથી કંઈ કામની,
જેમાંથી જામ કદી છલકતી ન હોય,
મજા તો ત્યારે છે એ જામની,
જે પીવાથી રોમ રોમ લહેરાઈ ગયુ હોય.

એ મહેફિલ પણ નથી કંઈ કામની,
જેમાં પ્રેમ માટે દિલ તડપતુ ન હોય,
મજા તો ત્યારે છે એ પ્રેમની,
જેમાં દિલ બળીને રાખ બની ગયુ હોય.

એ સુંદરતા પણ નથી કંઈ કામની,
જેના માટે કોઈ તરસ્યું બન્યુ ન હોય,
મજા તો ત્યારે છે એ સુંદરતાની,
જે જોઈને કોઈ મદહોંશ બની ગયુ હોય.

એ મુલાકાત પણ નથી કંઈ કામની,
જેમાં પ્રેમની કદી અભિવ્યક્તિ ન હોય,
મજા તો ત્યારે છે એ પ્રેમની "મુરલી",
જેમાં દિલથી પ્રેમનો સ્વીકાર થયો હોય.

ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG* *SS* *NO.* *0185***
વિષયઃ ‘‘મનપસંદ રચના’’
શીર્ષક : ‘‘ફર્યો હું ડગરે ડગરે’’
પ્રકાર : પદ્ય (કાવ્ય ) - શબ્દો : ૧૭૩

હતી લલચામણી લાલચો ડગરે ડગરે, મન રાખ્યું અડગ મારું સતત ડગરે ડગરે,
પ્રમાણિકતાને સંગમાં રાખીને ડૂબ્યો છું, શ્રધ્ધાને સાથે રાખીને ફર્યો હું ડગરે ડગરે,

પ્રગાઢ પ્રેમને સ્વીકારીને ચાલ્યો છું, દગો ભેટમાં મળ્યો છે મને પ્રેમમાં ડગરે ડગરે,
હૃદયની ધડકનોને રસ્તે દોડાવી છે, હૈયાફાટ રૂદને સ્પંદનોને પાથર્યા મેં ડગરે ડગરે,

શમણાંને અંતરે સંઘરી બેઠો હતો હું, સાધ્યને સાથે રાખી ફર્યો છું હું ડગરે ડગરે,
મહેનતના પડાવે પડાવે ખૂબ દોડ્યો હું, વિશ્વાસને દફન થતાં જોયો ડગરે ડગરે,

જુવાની ગુમાવી ખોટા સંબંધોમાં મેં, ઘડપણે ગુમાવ્યું નૂર તો યે ફર્યો ડગરે ડગરે,
સત્યનો સાથ કદી છોડ્યો નહીં મેં, સ્વમાન સાચવ્યું સામા પ્રવાહે મેં ડગરે ડગરે,

વિપત્તિઓના પ્રવાહે ડગ્યો નહીં હું, કર્મોને ખપાવીને વિમુક્ત થયો હું ડગરે ડગરે,
સુર્યના પ્રભાવી કીરણો પામ્યો હું, આત્મ દ્રષ્ટીએ નિરખીને સરળ હું ડગરે ડગરે,

છે ઋણાનુબંધના સંબંધો સંસારે, લેતીદેતીના હીસાબો છે કર્મે સૌના ડગરે ડગરે,
પાપ પુણ્યથી અલિપ્ત થાઓ સંસારે, સાક્ષી ભાવે સરળ થાઓ સૌ ડગરે ડગરે,

ભૂખ્યાને ભોજન ને તરસ્યાને પાણી, માનવ સેવા એજ પ્રભુની સેવા ડગરે ડગરે,
‘ઝરૂખો’ માને અધર્મને છોડી દયાળુ થા તું, ગતિ તારી સુકર્મે સુધારજે ડગરે ડગરે.

-દિલીપ સી. સોની ‘ઝરૂખો’ અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**minaxi raval: NOG SS NO 202**
વિષય - મન પસંદ રચનાં
શીર્ષક - "શો ફાયદો?"
પ્રકાર - મૌલિક પદ્ય શબ્દઃ ૭૯

ભૂલ કર્યા પછી, પસ્તાવાનો શું ફાયદો?
કામ કરી ખોટા, સારા દેખાવાનો શો ફાયદો?

લોકોને લૂંટીને, દાનનાં દેખાડાનો શું ફાયદો?
ભ્રષ્ટાચાર કરી, શિષ્ટાચારની વાતોનો શું ફાયદો?

ધર્મ નહીં કર્મ જોવાય, ધર્મ નામે ધતિંગનો શું ફાયદો?
ખોટું કામ કર્યા પછી, પુષ્કળ પસ્તાવાનો શું ફાયદો?

જુએ છે ઈશ્વર બધું, ખોટા દેખાડાનો શું ફાયદો?
જેવા છો તેવા દેખાવ, મુખોટું પહેરવાનો શું ફાયદો?

હેવાન જેવું કામ કરીએ, તો માણસ હોવાનો શું ફાયદો?
માણસાઈ જો ન હોય, તો માનવ અવતારનો શું ફાયદો?

ચિરાગ.એચ.શર્મા(ચિરંજીવ).કઠલાલ.જીઃ ખેડા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 224**
વિષય :- મનગમતી રચના
શીર્ષક :- પાનખર-વસંતની આશ
પ્રકાર :- પદ્ય - શબ્દ :- ૯૮

લાવી લાવી મસ્ત વસંતની સોહામણી આશ લાવી,
પાનખર જ પ્રકૃતિના ખીલવાની આશ લાવી.

તન મનમાં આજ અનેરી ઉષ્મા ઊર્જા આવી,
ફૂલ છોડના પાંદડાં નવીન ખીલવાની આશ લાવી.

કોયલના ટહુકાનો મધુર સ્વર લઈને આવી,
ભમરાં, પતંગિયા કાજ તાજા રસની આશ લાવી.

પ્રકૃતિ ખીલતા, મોરની ખીલેલ સોળ કળા આવી;
ના શીત, ના ઊષ્ણ વાતાવરણની આશ લાવી.

પાનખરની પ્રીતને અડકી જુઓ, વસંત આવી;
લીમડે મ્હોર, કેસૂડે કેસરી ફૂલોની આશ લાવી.

ઋતુઓનો રાજા થઈ પાનખર પરિપૂર્ણ આવી,
નૂતન શણગારે મ્હાલતી વસંતની આશ લાવી.

પ્રીતિ શાહ પટેલ ’પ્રીતાર્ષ’

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 345**
વિષયઃ મનગમતી રચના
શીર્ષકઃ સંવેદના
પ્રકારઃ પદ્ય - શબ્દોઃ૧૧૦

મારી સંવેદના મારી લાગણી, ખોબલે ઉભરાય મારી આંખડી.
દિલડે અજંપો, કરવત મૂકી જાણે કાળજે કોરાણી.
ખીલ્યો કેસુડો મઘમઘતો પીળા પીતાંબર વસંત ખીલી.
કૂંપળ લીલી, ભર વસંતમાં પાનખર બેઠી નજરું લાગી વસંત પંચમી.
ખાલી લાગ્યું ઘર મને કરડવા દોડ્યું, આંખ છલકાણી જિંદગી વેરણ લાગી.
લેખ લખ્યા લલાટે હે વિધાતા!
મઝધાર મારે તરવું, હું વિયોગી નારી નારાયણી.
નયન છલકાય નીર જાણે વહેતા સરિતા પાણી,
સૂજે ના કાંઈ મુજને છતાં મારે હિંમત રાખવી.
મન ગયું મરીને હૈયું દર્દમાં ઘાયલ હું મુંજાણી,
હદય તો હતું જ પોચુંને લાગણી અનહદ ઘવાણી.
મારી સંવેદના મારી લાગણી, ખોબલે ઉભરાય મારી આંખડી.

**hansa Zala.** "લાગણી" સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS:No : 226**
વિષયઃ-મનગમતી રચના?
?શિર્ષકઃકર્મો નું ભાથું
પ્રકારઃ પદ્ય શબ્દોઃ૭૮

?માણસ કર્મો નું ભાથું બાંધીતો ફરે છે.
માણસ જેવું કરે છે તેવું એ તો ભરે છે.

કુદરત તણો નિયમ આ ના તો ફરે છે.
માનવ જુઓ છતાંય આ ના સમજે છે.

મારું મારું કરવામાં પુરું જીવન વિતે છે.
અંતે મારું કોઈ ન સાથમાં કદી મરે છે.

માનવ જે ભેગું કરવામાં તત્પર રહે છે.
કોઈ કાળે કદી એ ન લઈ જઈ મરે છે.

માનવ સત્ય જિંદગીમાં ન સ્વીકારે છે.
માનવ તેથી જિંદગીમાં ઝૂરતો મરે છે.

સુભાષ ઉપાધ્યાય ‘મેહુલ ‘(અમેરિકા)

# નામ બતાવો

ઘરમાં અવર જવર ચાલતી હતી. મુંગી બેઠેલી નિલમ બધા તાલ જોતી હતી. મોટો દીકરો ઘરનો વડીલ હતો. પૂરો વિશ્વાસ હતો એ બધું બરાબર કરશે.



નાના દીકરાને તો મોટોભાઈ બોલ્યો એટલે બ્રહ્મ વાક્ય હતું. દીકરી, પોતાના નાના દીકરા સાથે બેઠી હતી. તેને કાંઇ સનજ પડતી નહી. દસ વર્ષ પહેલા લગ્ન પછી મમ્મી અને પપ્પાને મળવા, સમય મળે ત્યારે આવતી હતી.

એક સારી ટેવ હતી ઘરની કોઈ પણ વાતમાં બોલવું નહી. જો ભાભી યા મમ્મી પૂછે તો વિવેકપૂર્વક જવાબ આપવો. બધી ધમાલ પૂરી થઈ. પિતાજીના આત્માને શાંતિ મળે એ પ્રમાણે વિધિ પૂરી કરી. પડેલી ખોટ પુરાવાની ન હતી. લગ્નના ૩૨ વર્ષ પછી નિલમ જાણતી હતી,‘ નસિબદાર હોય તે પતિ અને પત્ની સાથે જાય‘.બંને ભાઈઓ હવે કામે વળગવાની વાત કરી રહ્યા હતા. ગામનું ઘર મોભાદાર હતું. નિલમ અને નિલેશ પાછળની જીંદગી શાંતિથી ગુજરવા અંહી આવી કાયમનો વસવાટ કર્યો હતો. ટુંકી બિમારીમાં નિલેશે ચાલવા માંડ્યું.

મોટા દીકરાની વહુ રાતના જમવા ટાણે બોલી, ‘મમ્મી હવે આ ઘર તમને બહુ મોટું નહી લાગે. ? ‘બંને ભાઈઓને મોટી જગ્યા શહેરમાં લેવી હતી. ગામના ઘરના સારા પૈસા આવે તેવું હતું. મમ્મી નાના ઘરમાં રહેવા જાય અને નફાના પૈસા બન્નેને મળે તો મોટું ઘર લોનું શક્ય બને.હજુ તો પંદર દિવસ માંડ થયા હતા. મોટી વહુની વાતમાં નાનીએ પણ ટાપસી પૂરી. દીકરીને પિતા ગયાનું દુખ હતું. કશું બોલ્યા વગર વાત સાંભળી રહી. નિલમ વિચારી રહી, ‘નિલેશ હતો ત્યારે કોઈને કશી વાતની ખબર હતી નહી. જરુર પડે પપ્પા તેમને પૈસા આપતા હતા.

આજે અચાનક આવો સવાલ.,બોલી નહી પણ વિચારી રહી. જ્યારે ફરીથી જવાબ માગ્યો ત્યારે એટલું બોલી, ‘છેલ્લા ચાર વર્ષથી મારી તબિયત નરમ રહેતી હતી. પપ્પા, મારું ધ્યાન રાખતા. મારી ત્રણ દવાના નામ બતાવો પછી હું જવાબ આપીશ‘. દીકરીએ કાગળ પર ત્રણે દવાના નામ લખીને મોટાભાઈને આપ્યા. ‘બાકી કોઈને ખબર ન હતી કે મમ્મી કઈ દવા નિયમિત લે છે ! મમ્મીને શું બિમારી છે. નિલમ હંમેશા કહેતી, ‘નિલ તારા કરતા હું પહેલી જવાની. તને એકલા રહેવું ભારે પડશે‘ !

**પ્રવિણા કડકીયા ,અમેરીકા**









અંધ વ્યક્તિઓને શિક્ષણનો પ્રચાર કરવો એ આવા વ્યક્તિઓને સશક્ત બનાવવા માટે યોગ્ય દિશામાં એક પગલું છે. તેમના શિક્ષણને સરળ બનાવવા માટે, તેમને નવીનતમ ટેકનોલોજીનો ઉપયોગ કરવા સક્ષમ બનાવવા માટે શિષ્યવૃત્તિ આપવી જરૂરી છે. અમે યુ.એસ.માં સૌથી મોટા ક્લાઉડ-આધારિત ઈઊઁઇ સોફ્ટવેર પૈકીના એક, ઈક્લિનિકલ વર્ક્સ ઇન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના આભારી છીએ, જેનું કાર્યાલય ભારતમાં છે, તેણે ઝજીઇ હેઠળ રૂ. ૪૩ લાખ મંજૂર કર્યા છે. આજે, શ્રીમતી પૂજા શાહ ઈઇ લીડના ડિરેક્ટર શ્રી ઓમ પટેલ અને કુશલ રશમવાલા, ઝછ ની ટીમે દૃષ્ટિની ક્ષતિ ધરાવતા ૧૮૦ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનું વિતરણ કર્યું. આ પહેલી વાર છે જ્યારે વિવિધ સ્તરે શિક્ષણ મેળવવા માટે સંઘર્ષ કરી રહેલા આટલા બધા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી છે.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિકસિત ભારત વિકસિત ગુજરાત

ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રીનો સંકલ્પ

# સૌને અન્ન...સૌને પોષણ...





માનનીય વડાપ્રધાન

## શ્રી નરેન્દ્ર મોદીના

વરદહસ્તે



પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત
ગંગાસ્વરૂપા, વૃદ્ધ, દિવ્યાંગ સહાય યોજના તથા
ગરીબ લાભાર્થી પરિવારોના અંદાજિત
૨,૦૦,૦૦૦ લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજનું

## લાભ વિતરણ



:: પ્રેરક ઉપસ્થિતિ ::

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માન. મુખ્યમંત્રી, ગુજરાત

**શ્રી સી.આર.પાટીલ**
માન. કેન્દ્રીય મંત્રી, જળશક્તિ મંત્રાલય

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત અંત્યોદય કલ્યાણની વિચારધારાને
કેન્દ્રમાં રાખી સમાજના વંચિત જૂથને સીધો લાભ પહોંચે તે હેતુથી

**સુરત જિલ્લા અન્ન સુરક્ષા સંતૃપ્તિકરણ અભિયાન**

ગંગાસ્વરૂપા સહાય યોજના, વૃદ્ધ સહાય યોજના,
દિવ્યાંગ સહાય યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા તથા અન્ય ગરીબ પરિવારોને

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો લાભ આપવાનો સંકલ્પ**

૭ માર્ચ ૨૦૨૫, શુક્રવાર | બપોરે ૩-૦૦ વાગે | નીલગીરી સર્કલ, લિંબાયત, સુરત



અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.